# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૨૬/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા યોજાયેલા વેબિનારમાં એડવોકેટ હિરલ પાનવાલાએ મહિલાઓને સુરક્ષિત કરતા કાયદાઓની વિસ્તૃત સમજણ આપી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૮ જૂન ૨૦૨૧ના રોજ 'શું મહિલાઓ કાયદાથી સુરક્ષિત છે? વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે શહેરના જાણીતા એડવોકેટ હિરલ પાનવાલા (ખજાનચી)એ મહિલાઓને સુરક્ષિત કરતા વિવિધ કાયદાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

એડવોકેટ હિરલ પાનવાલા (ખજાનચી)એ મહિલાઓને છૂટાછેડાના કેસમાં કયા – કયા લાભ મળી શકે છે?, તેઓના ભરણ પોષણ વિગેરે બાબતો અંગે તથા ઘરેલુ હિંસા અધિનિયમના કાયદામાં સ્ત્રીઓને કયા પ્રકારના હુકમ મળી શકે છે તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

આ વેબિનારમાં સ્ત્રીઓએ મેઇન્ટેનન્સ બાબતે અને પુરુષોએ સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતા ખોટા કેસો બાબતે તથા પતિ – પત્નીના ઝઘડાઓમાં સામાન્ય રીતે જે મુજબના કેસો જેવા કે ૪૯૮ (ક), ખાધા – ખોરાકી, ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની અરજી વિગેરે બાબતે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેનો તેમણે સંતોષકારક જવાબો આપ્યા હતા.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારનું સમગ્ર સંચાલન કર્યુ હતું.